તા. ૬/૧/૨૦૨૦ - સોમવાર - નોબત

(૨૬)

# નાગનાથ નાકાથી સાત રસ્તા સર્કલ સુધી ફ્લાય ઓવર બનાવવા ચેમ્બરની રજૂઆત

જામનગર તા. ૬: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને વિસ્તૃત આવેદનપત્ર પાઠવી નાગનાથ નાકાથી સાત રસ્તા સર્કલ સુધીના માર્ગ પર ફ્લાય ઓવર બનાવવા રજૂઆત કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકા દ્વારા જામનગરના ઈન્દિરા સર્કલ નજીક ગુરુદ્વારા જંકશનથી અંબર જંકશન સુધી ફલાઈ ઓવર બનાવવા ગુજરાત સરકારને કરવામાં આવેલ દરખાસ્તને ગુજરાત સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે, પરંતુ હાલ જામનગર શહેરમાં દિન-પ્રતિદિન વધતી જતી વસતિ તથા વાહનોની સંખ્યાને લીધે જામનગર શહેરના દરેક વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વધતી જાય છે. વધુમાં જામનગરની નજીક આવેલ મોટી ઈન્ડસ્ટ્રીઓ જેવી કે રિલાયન્સ, નયારા એનર્જી, જીએસએફસી તથા એરપોર્ટ વિગેરે તેમજ જામનગર શહેરની આસપાસ આવેલ જીઆઈડીસીમાં વિવિધ ઔદ્યોગિક એકમોના વિકાસથી શહેરમાં વાહનોની અવર જવર ખૂબ વધી ગઈ છે.

વધુમાં આ રોડ પવિત્ર યાત્રાધામ દ્વારકા તથા ઓખાને જોડતો રાજ્ય ધોરીમાર્ગ છે. આ જામનગરમાં ગુરૂદ્વારા જંકશનથી અંબર જંકશન સુધીનો ફ્લાઈઓવર બનવાથી કાયમી ધોરણે ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ આવશે નહીં. પરંતુ જો ભવિષ્યના વિકાસ તથા વસતી તેમજ હદ વધારાને ધ્યાને લેવામાં આવે અને નાગનાથ ગેઈટ (સ્મશાન) ચોકડીથી સાત રસ્તા સુધીનો ફલાઈ ઓવર બનાવવામાં આવે તો આગામી સમયમાં ફરીથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન નહીં રહે અન્યથા આગામી સમયમાં પરિસ્થિતિ પહેલા જેવી જ ઉદ્‌ભવશે અને સદર ફલાઈ ઓવર બીન ઉપયોગી રહેશે અને પછીથી આ ફલાઈ ઓવરની લંબાઈ વધારી શકાશે નહીં.

આ અંગે જામનગર મહાનગરપાલિકા તથા જામનગર ચેમ્બર દ્વારા અગાઉ નાથનાથ ગેઈટ (સ્મશાન ચોકડી)થી સાત રસ્તા સુધી ફલાય ઓવર બનાવવા રજુઆત કરવામાં આવેલ હતી. તેમજ ગત વર્ષ ૨૦૧૬માં તત્કાલીન રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી દ્વારા પણ સુભાષચંદ્ર બોઝની પ્રતિમાથી સાત રસ્તા સર્કલ સુધી ફોર ટ્રેક ફલાઈ ઓવરબ્રિજ બનાવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ અંગેની યોજનાને રાજ્ય સરકાર દ્વારા પણ વિધિવત મંજુરી આપવામાં આવેલ હતી અને આ યોજના અંગે ટેન્ડર પ્રક્રિયાનો આરંભ પણ કરવામાં આવેલ હતો. પરંતુ કોઈપણ કારણોસર આ ફલાઈ ઓવરનું કામકાજ શરૂ થઈ શકેલ નથી. આથી ઉપરોક્ત બાબતે પુનઃ વિચારણા કરવામાં આવે અને નાગનાથ ગેઈટથી સાત રસ્તા સુધીના માર્ગ ઉપર જો ફલાઈ ઓવર બનાવવામાં આવે તો રાજકોટ તરફથી આવતા અને દ્વારકા તરફ જવા ઈચ્છતા તથા સાત રસ્તાથી રાજકોટ તરફ જતા વાહનચાલકોને તથા મુસાફરોને સીધે સીધો ટ્રાફિક વગરનો રસ્તો મળી રહેશે, જેથી હાલની તથા ભવિષ્યની ટ્રાફિક સમસ્યાનું નિવારણ થશે.